સોજીત્રા વિધાનસભા બેઠકના બે ભાગમાંથી ચોક્કસ જ્ઞાતિના મતદારોને નિશાન બનાવાયાનો આક્ષેપ

# પેટલાદના ધૈર્યપુરામાં 226 જીવતા મતદારોને 'મૃત' જાહેર કરતા રોષ

**નાયબ કલેક્ટરને** આવેદનપત્ર આપી કાયદેસરની કાર્યવાહીની માંગ



તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.10

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા હેઠળ મતદાર યાદી સુધારણા દરમિયાન પેટલાદના ધૈર્યપુરા ગામમાં એક મોટો વિવાદ સામે આવ્યો છે. ગામના આશરે 226 જેટલા જીવતા મતદારોને મૃત ગણાવી તેમના નામ યાદીમાંથી કમી કરવા માટે ફોર્મ નં. 7 ભરવામાં આવતા હોબાળો મચી ગયો છે. આ મામલે ગામના સરપંચ અને ગ્રામજનોએ આણંદના સ્ટેમ્પ ડ્યુટી નાયબ કલેક્ટર અને સોજીત્રા વિધાનસભાના મતદાર નોંધણી અધિકારી એચ. ઝેડ. ભાલિયાને લેખિત આવેદનપત્ર આપી વાંધા અરજી કરનારાઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ, જે મતદારોના નામ કમી કરવા માટે અરજીઓ થઈ છે તેઓ ધૈર્યપુરાના જ કાયમી રહેવાસીઓ, ખેડૂત ખાતેદારો અને મિલકત ધરાવતા લોકો છે અને હાલ હયાત છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે સોજીત્રા વિધાનસભાના ભાગ નં. 233 અને 234માંથી ચોક્કસ કોમના 226 જેટલા મતો કાઢી નાખવાના બદ ઈરાદા સાથે આ ખોટી વાંધા અરજીઓ કરવામાં આવી છે. નવાઈની વાત એ છે કે, આ ફોર્મ નં. 7 ભરનારા વ્યક્તિઓ પણ ગામના રહેવાસી નથી કે તેમનો ગામ સાથે કોઈ સીધો સંબંધ નથી.

ગ્રામજનોએ રજૂઆત કરી છે કે, સાચા મતદારોને મતદાનના અધિકારથી વંચિત રાખવા માટે આ હીન પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયામાં સંકળાયેલા તત્વો કે ખોટા વાંધેદારો સામે ચૂંટણી પંચના નિયમો મુજબ તપાસ કરી કાયદેસરના પગલાં ભરવાની માંગ કરાઈ છે.

બહારગામની ત્રાહિત વ્યક્તિઓ દ્વારા રાજકીય ઈશારે ફોર્મ નં.7 ભરી મતદારોના નામ કમી કરાયાં

# ખેડા શહેરમાં દોઢ હજાર મતદારોના નામ કમી કરી દેવાતાં ઉગ્ર રજૂઆત

**મતાધિકારથી** વંચિત રાખવાનું ષડયંત્ર હોવાનો સામાજિક કાર્યકરોનો આક્ષેપ



તસવીરઃ પ્રગ્નેશ ભાવસાર

(પ્રતિનિધિ) ખેડા તા.10

ખેડા ગામના સાત વોર્ડના આશરે દોઢ હજાર જેટલા મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી કરવા માટે બહારની વ્યક્તિઓ દ્વારા વાંધા અરજીઓ કરવામાં આવતા વિવાદ સર્જાયો છે. આ બાબતે ખેડા ગામના સામાજિક કાર્યકરો અને મુસ્લિમ સમાજના અગ્રણીઓએ ખેડા પ્રાંત અધિકારીને લેખિત આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી છે.

ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ-2026 અંતર્ગત 30મી જાન્યુઆરી 2026 સુધીમાં વાંધા સૂચનો માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. આ સમયગાળા દરમિયાન ખેડા ગામના વોર્ડ નં. 1થી 7માંથી આશરે 1300થી 1500 મતદારોના નામ કમી કરવા માટે ઓનલાઈન અને ઓફલાઈન ફોર્મ નં. 7 ભરીને વાંધા રજૂ કરવામાં આવ્યા છે. જેમાં વોર્ડ નં. 7 ના 272, વોર્ડ નં. 5ના 196, વોર્ડ નં. 4ના 107 અને વોર્ડ નં. 6ના 130 મતદારોનો સમાવેશ થાય છે.

આ અંગે સામાજિક કાર્યકરોનો આક્ષેપ છે કે જે લોકોએ વાંધા ઉઠાવ્યા છે તેઓ ખેડા ગામના રહેવાસી કે મતદાર નથી. મજબૂત પુરાવા વિના માત્ર રાજકીય ઈશારે કે વગદાર વ્યક્તિના દબાણ હેઠળ તંત્રની કામગીરી વધારવા અને મતદારોને પરેશાન કરવા આ કૃત્ય કરવામાં આવ્યું છે. આથી, માંગ કરવામાં આવી છે કે આવા ખોટા વાંધા રદ કરી, મતાધિકાર સુરક્ષિત રાખવામાં આવે અને પાયાવિહોણા વાંધા રજૂ કરનાર વ્યક્તિઓ સામે ચૂંટણી પંચના આદેશ મુજબ ફોજદારી ફરિયાદ (FIR) દાખલ કરવામાં આવે.

# સેવાલિયામાં રોડના પ્રશ્ને 'રોડ નહીં તો વોટ નહીં'ની ચીમકી

**ગટરની** કામગીરી બાદ રસ્તાનું કામ અધૂરું રહેતા પાંચ સોસાયટીના રહીશોને હાલાકી



તસવીરઃ સંજય શાહ

(પ્રતિનિધિ) સેવાલિયા તા.10

સેવાલિયા ખાતે અવધૂત હોટલથી સી.પી. પટેલ હાઈસ્કુલ સુધીનો રોડ બિસ્માર હાલતમાં હોવાથી રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ગટરનું કામ પૂર્ણ થયા છતાં નવો રોડ ન બનાવવામાં આવતા પાંચ સોસાયટીના આશરે 2500 જેટલા રહીશોએ મામલતદાર અને ટીડીઓને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી હતી.

આ વિસ્તારમાં આશિષ સોસાયટી, વૃંદાવન સોસાયટી, વૈભવ સોસાયટી, શિક્ષક સોસાયટી અને ઓમ બંગલોઝ જેવી વસાહતો આવેલી છે. આ મુખ્ય માર્ગ પર સી.પી. પટેલ હાઈસ્કુલ અને આશિષ વિદ્યાલય જેવી શાળાઓ તેમજ સુવર્ણ સ્વામિનારાયણ મંદિર પણ આવેલું છે. રસ્તા પર ગટરના પાણી અને ગંદકીના કારણે શાળાએ જતા નાના બાળકોને જીવના જોખમે અવરજવર કરવી પડે છે. ગત ચોમાસામાં પણ અહીંના રહીશો વરસાદ અને ગંદકીના કારણે ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

આ રોડનું કામ સત્વરે હાથ પર લઈ તેને પૂર્ણ કરવામાં આવે. જો આગામી એક માસમાં રસ્તાનું નિરાકરણ લાવવામાં નહીં આવે, તો નાછૂટકે તમામ રહીશો દ્વારા આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# બોરસદ તાલુકા પંચાયતની સામાન્ય સભા કાલે યોજાશે

**વર્ષ 2026-27ના** બજેટ સહિત વિવિધ મહત્વના મુદ્દાઓનો એજન્ડા જાહેર કરાયો

(પ્રતિનિધિ) આણંદ, તા.10

બોરસદ તાલુકા પંચાયતની સામાન્ય સભા 12મીના રોજ બપોરે યોજાશે. તાલુકા પંચાયત પ્રમુખ મિહિરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તથા તાલુકા વિકાસ અધિકારી નરેશ લાડુમોરની ઉપસ્થિતિમાં સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

પુજ્ય રવિશંકર મહારાજ સદન ખાતે આવેલા તાલુકા પંચાયત હોલમાં યોજાનારી આ બેઠક બજેટને કારણે મહત્વપૂર્ણ બની રહેનાર છે. આ બેઠકમાં વર્ષ દરમિયાન કરવામાં આવેલા વિકાસ કાર્યોની સમીક્ષા સાથે આવનારા સમયમાં તાલુકાના સર્વાંગી વિકાસ માટેની યોજનાઓ અંગે ચર્ચા વિચારણા થવાની શક્યતા છે.

સામાન્ય સભામાં વર્ષ 2026-27ના બજેટ સહિત વિવિધ મહત્વના મુદ્દાઓનો એજન્ડા જાહેર કરવામાં આવ્યો છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ, પાણી, સ્વચ્છતા, શિક્ષણ, આરોગ્ય તથા કૃષિ વિકાસને લગતા પ્રશ્નો તેમજ વિકાસલક્ષી યોજનાઓ અંગે સભ્યો દ્વારા ચર્ચા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઉપરાંત વિવિધ ગામોના પ્રાથમિક પ્રશ્નો અને લોકહિતના મુદ્દાઓ પણ સભામાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. આ સામાન્ય સભાને લઈ તાલુકા પંચાયતના સભ્યો તેમજ વિભાગીય અધિકારીઓમાં ખાસ ઉત્સુકતા જોવા મળી રહી છે.

# મહુધાના મીયાપુરમાં કેનાલમાં ગાબડું: ખેડૂતોને ભારે નુકશાન

**એક જ** મહિનામાં બીજીવાર ભંગાણ સર્જાતા તંત્ર સામે રોષ



(પ્રતિનિધિ) નડિયાદ તા.10

મહુધા તાલુકાના મીયાપુર ગામની સીમમાંથી પસાર થતી માઈનોર કેનાલમાં મંગળવારે વહેલી સવારે મોટું ગાબડું પડતા લાખો લીટર પાણી ખેતરોમાં ફરી વળ્યા છે. કેનાલના પાળામાં ભંગાણ સર્જાવાને કારણે આજુબાજુના ખેતરોમાં તૈયાર થયેલા તમાકુના ઉભા પાકમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે ખેડૂતોને આર્થિક રીતે મોટું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

નડિયાદ સહિત સમગ્ર ખેડા જિલ્લામાં હાલ રવિ સીઝનનો પાક અંતિમ તબક્કામાં છે ત્યારે જ મીયાપુરની સીમમાં આ ઘટના બની છે. ખેડૂતોએ રાત-દિવસ મહેનત કરીને અને મોંઘા ભાવના બિયારણ, ખાતર તેમજ જંતુનાશક દવાઓનો ઉપયોગ કરીને જે તમાકુનો પાક તૈયાર કર્યો હતો, તેના પર કેનાલના ધસમસતા પાણી ફરી વળ્યા છે. ખાસ કરીને તમાકુ જેવા પાકમાં પાણી ભરાઈ રહેવાને કારણે પાક કોહવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

આ કેનાલમાં છેલ્લા એક મહિનામાં આ બીજી વખત ગાબડું પડ્યું છે. ખેડૂતોએ ગંભીર આક્ષેપ કર્યો છે કે આ કેનાલનું સમારકામ હજુ એક માસ અગાઉ જ કરવામાં આવ્યું હતું, તેમ છતાં ટૂંકા ગાળામાં ફરી પાળો તૂટી જવો તે કામની નબળી ગુણવત્તા પુરવાર કરે છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સીવીએમ યુનિવર્સિટીના જ્ઞાનોત્સવમાં 1700 કર્મયોગીનુ સન્માન કરાયું

**આણંદ** | ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સીવીએમ યુનિવર્સિટી દ્વારા આયોજીત જ્ઞાનોત્સવ-2026નો સમાપન કાર્યક્રમ યોજાયો હતો.




જેમાં દોઢ લાખથી વધુ મુલાકાતીએ ભાગ લીધો હતો આ ઉપરાંત ઇસરો-આઈપીઆરના પ્રદર્શન અને વિદ્યાર્થીઓના ઇનોવેશને આકર્ષણ જમાવ્યું હતું. આ ઉત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા 140થી વધુ સાયન્સ પ્રોજેક્ટસ અને ઇનોવેટિવ ટેકનોલોજીના મોડેલ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. આ મહોત્સવના સફળ આયોજન બદલ પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલ, માનદ સહમંત્રી મેહુલ પટેલ અને રજીસ્ટ્રાર પ્રોફેસર ડો. સંદીપ વાલિયા દ્વારા વિવિધ ટીમ, કન્વીનર, ફેકલ્ટી સભ્યો અને 1700 જેટલા વિદ્યાર્થી વોલંટિયર્સને સર્ટિફિકેટ આપી સન્માનિત કર્યાં હતાં.

### 'વ્હેર ધ હાર્ટ ઇઝ લુકબુક' દ્વારા શેડ્સ, ફિનિશિસ અને ડેકોર સ્ટાઇલ્સમાંથી પોતાના ઘરો માટે પ્રેરણા મેળવી શકાશે

**વડોદરા** | ભારતની અગ્રણી પેઇન્ટ અને ડેકોર કંપની એશિયન પેઇન્ટ્સ તેની લોકપ્રિય હોમ ડેકોર સ્ટોરીટેલિંગ શ્રેણી 'એશિયન પેઇન્ટ્સ વ્હેર ધ હાર્ટ ઇઝ'ની 9મી સીઝન સાથે પરત ફરી છે. આ નવી સીઝનમાં ભારતના પાંચ પ્રતિષ્ઠિત સેલિબ્રિટીઓના ઘરોની વિશેષ હોમ ટૂર રજૂ કરવામાં આવી છે, જેમાં સોનાક્ષી સિંહા અને ઝાહિર ઇકબાલ, ગૌતમ ગંભીર, કીર્તિ સુરેશ, અર્ચના પૂરણ સિંહ અને પરમીત સેઠી તેમજ અમન અને પ્રિયા ગુપ્તાના નિવાસસ્થાનોનો સમાવેશ થાય છે. આ સીઝન માત્ર ઘરની ડિઝાઇન પર જ નહીં, પરંતુ ઘરમાં રહેલી વ્યક્તિગત ભાવના, હૂંફ અને યાદો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે. અર્ચના અને પરમીતનું એંગ્લો-સ્પેનિશ પ્રેરિત ઘર કુદરત સાથેનું જોડાણ દર્શાવે છે, જ્યારે ગૌતમ ગંભીરનું ઘર શિસ્ત અને શાંતિનો અહેસાસ કરાવે છે. સોનાક્ષી અને ઝાહિરનું પેન્ટહાઉસ શાંતિપૂર્ણ ખૂણાઓથી ભરેલું છે, તો કીર્તિ સુરેશનું ઘર રંગો અને ઉર્જાનું પ્રતિબિંબ છે. વધુમાં, BeautifulHomes.com પર ઉપલબ્ધ 'લુકબુક' દ્વારા લોકો શોમાં દર્શાવેલા શેડ્સ અને ડેકોર સ્ટાઇલ્સમાંથી પોતાના ઘર માટે પ્રેરણા પણ મેળવી શકે છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદ પ્રેસના શતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન

**આણંદ** | આણંદ પ્રેસની સ્થાપનાના 100મા વર્ષની ઉજવણીના ભાગરૂપે નડિયાદની ધર્મસિંહ દેસાઈ હાર્ટ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિર યોજાઈ હતી.



જેમાં રેક્ટર ફા. ફ્રાન્સીસ પરમારની પ્રાર્થના બાદ મહાનુભાવો દ્વારા આકાશમાં બલૂન ઉડાડીને આ સેવાકીય પ્રવૃત્તિને ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રસંગે નડિયાદથી આવેલા તબીબો અને સ્ટાફનું સંસ્થા દ્વારા શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ આપી ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પ્રેસના કર્મચારીઓ અને ગામડી-પાધરીયાના યુવાનોએ મોટી સંખ્યામાં રક્તદાન કરી માનવતા મહેકાવી હતી.

### કપડવંજમાં શ્રી સર્વમંગલા માતાજીની 25મી સાલગીરા નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજાઇ

**કપડવંજ** | કપડવંજમાં અંતીસર દરવાજા બહાર આવેલા શ્રી નેમિનાથજી જૈન દેરાસર પરિસરમાં બિરાજમાન શ્રી સર્વમંગલા



માતાજીની ૨૫મી પુણ્યવંતી સાલગીરા પ્રસંગે ત્રિ-દિવસીય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મંગલમય અવસરે પૂનમ ગ્રુપના સભ્યો દ્વારા માતાજીને છપ્પન ભોગ ધરાવીને વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ભક્તિ અને ઉત્સાહ સાથે માતાજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં સમગ્ર જૈન સમાજ જોડાયો હતો. આ ધાર્મિક મહોત્સવમાં બહારગામથી મોટી સંખ્યામાં પધારેલા જૈન ભાવિક ભક્તો એ ઉપસ્થિત રહી દર્શનનો લ્હાવો લીધો હતો.

### એચઇસી ઇન્ફ્રા પ્રોજેક્ટ્સનું ત્રીજા ત્રિમાસિકમાં દમદાર પ્રદર્શન, આવકમાં 108% અને ચોખ્ખા નફામાં 104%નો ઉછાળો

**વડોદરા** | એક્સટ્રા હાઈ વોલ્ટેજ ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન પ્રોજેક્ટ્સ ક્ષેત્રે સક્રિય એચઇસી ઇન્ફ્રા પ્રોજેક્ટ્સ લિમિટેડે નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં અસાધારણ નાણાકીય દેખાવ કર્યો છે. કંપનીની કુલ આવક વાર્ષિક ધોરણે 107.86 ટકાની વૃદ્ધિ સાથે ₹57.77 કરોડ નોંધાઈ છે. આ સમયગાળા દરમિયાન કંપનીનો ચોખ્ખો નફો પણ 103.74 ટકા વધીને ₹2.92 કરોડ પર પહોંચ્યો છે. નાણાકીય વર્ષ 2025-26ના પ્રથમ નવ મહિનાના પ્રદર્શન પર નજર કરીએ તો, કંપનીએ ₹126.51 કરોડની કુલ આવક અને ₹6.48 કરોડનો ચોખ્ખો નફો મેળવ્યો છે, જેમાં શેર દીઠ કમાણી (EPS) ₹5.98 રહી છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ગૌરાંગ શાહે આ પરિણામો અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જલ જીવન મિશન હેઠળના વોટર સપ્લાય પ્રોજેક્ટ્સ અને અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ઓર્ડર મળવાને કારણે આ મજબૂતી જોવા મળી છે. કંપની હવે બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (BESS) જેવા ઉભરતા સેગમેન્ટ્સમાં પણ પોતાનો વિસ્તાર કરી રહી છે, જે કંપનીની નાણાકીય સ્થિતિ અને હિસ્સેદારોનો વિશ્વાસ વધુ મજબૂત બનાવશે.

### અમદાવાદમાં ક્રિકેટ ટુર્નામેન્ટમાં કપડવંજનું ગૌરવ વધારતા ડો. નાઝનીન રાણા

**કપડવંજ** | અમદાવાદના કાંકરિયા ખાતે ફ્રી ફાયર મેક્સ દ્વારા આયોજિત 'બુહિયા પ્રીમિયમ લીગ'માં દેશના વિવિધ રાજ્યોની



10 ટીમોએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં નેત્રા નવાબ ટીમ વિજેતા બની હતી, જેમાં ડો. નાઝનીન રાણા અને તેમની 'ફિઝિયો વેલનેસ' ટીમે ફિઝિયોથેરાપીસ્ટ તરીકે સેવાઓ આપી હતી. કપડવંજના વતની ડો. નાઝનીન રાણાએ પોતાની કુશળતા દ્વારા રમતગમતના ક્ષેત્રમાં કપડવંજ અને અમદાવાદનું ગૌરવ વધાર્યું છે. સ્ત્રીઓ માત્ર રસોડા પૂરતી સીમિત નથી પરંતુ દરેક ક્ષેત્રમાં પોતાનું નામ બનાવી શકે છે તેવું પ્રેરણાદાયી ઉદાહરણ તેમણે પૂરું પાડ્યું છે.

### કપડવંજમાં NRI દાતા દ્વારા 70 દિવ્યાંગ બાળકોને ભોજન - શૈક્ષણિક કિટનું વિતરણ

**કપડવંજ** | કપડવંજની વીએસ ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના 70 દિવ્યાંગ બાળકોને અમેરિકા સ્થિત દાતા પન્નાબેન અને પાર્થિકભાઈ તેલી દ્વારા



સ્કૂલ બેગ, નાસ્તો અને હોટલમાં ભોજન સાથે મનોરંજન પૂરું પાડવામાં આવ્યું હતું. આ અવસરે દરેક બાળકને 430નું રોકડ કવર અપાયું હતું અને આગામી ત્રણ દિવસ સુધી 75,000ના અંદાજિત ખર્ચે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત દાતા પરિવારના સંતાનો તેજલબેન, સોનાલીબેન અને સચિનભાઈ દ્વારા દિવ્યાંગોના પુનઃવસન સાધનો માટે સંસ્થાને 40,000નું વિશેષ દાન અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રી ડો. કુંડલિયા અને બીનાબેન તેલીએ ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

### ખેડા જિલ્લા પંચાયત ખાતે પીએનડીટી એડવાઈઝરી કમિટીની બેઠક યોજાઈ



**નડિયાદ** | ખેડા જિલ્લા આરોગ્ય અધિકારી ડો. વી. એસ. ધ્રુવેના અધ્યક્ષસ્થાને આરોગ્ય શાખામાં પીસી પીએનડીટી એક્ટ હેઠળ એડવાઈઝરી કમિટીની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ક્લિનિકના નવીન રજીસ્ટ્રેશન, રીન્યુઅલ દરખાસ્તો અને જિલ્લામાં સેક્સ રેશિયો (જાતિ દર) સંતુલિત કરવા બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે આર.સી.એચ.ઓ. ડો. પઠાણ, સિવિલ સર્જન ડો. કવિતા શાહ અને અન્ય નિષ્ણાંત તબીબો સહિત સામાજિક કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય કાયદાકીય જોગવાઈઓનું ચુસ્ત પાલન કરી આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવાનો છે.

### આણંદ કૃષિ યુનિ.ના મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની પુણેની ટીમે મુલાકાત લીધી

**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી સ્થિત મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની રાહુરીના ડો. એસ. જી. ભાલેકર અને તેમની ટીમે મુલાકાત



લીધી હતી. આ મુલાકાત દરમિયાન વૈજ્ઞાનિકોએ નવીન શાકભાજી જાતો, હાઇ-ટેક નર્સરી અને રોગ પ્રતિરોધક સંશોધન પદ્ધતિઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. પ્રતિનિધિમંડળે શાકભાજી ઉત્પાદન વધારવા માટે ચાલી રહેલી સંશોધન પ્રવૃત્તિઓ અને કેન્દ્રની આધુનિક સુવિધાઓની વિશેષ પ્રશંસા કરી હતી. ભવિષ્યમાં શાકભાજી ઉત્પાદન અને ખાદ્ય સુરક્ષાના પડકારોને પહોંચી વળવા માટે સહયોગી સંશોધન અંગે હકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી.

### એસઇપીસી લિમિટેડને આરડીએસએસ હેઠળ પંજાબમાં 314 કરોડનો સ્માર્ટ પ્રીપેડ મીટરિંગ પ્રોજેક્ટ મળ્યો

**વડોદરા** | એસઇપીસી (SEPC) લિમિટેડે રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ (RDSS) હેઠળ પંજાબના સેન્ટ્રલ ઝોનમાં સ્માર્ટ પ્રીપેડ મીટરિંગ પ્રોજેક્ટ માટે મહત્વપૂર્ણ ઓર્ડર મેળવ્યો છે. ભારત સરકારના સાહસ ટેલિકોમ્યુનિકેશન્સ કન્સલ્ટન્ટ્સ ઇન્ડિયા લિમિટેડ (TCIL) દ્વારા કંપનીને આ પ્રોજેક્ટ માટે લેટર ઓફ ઇન્ટેન્ટ (LOI) પાઠવવામાં આવ્યું છે, જેની કુલ કિંમત અંદાજે ₹313.96 કરોડ છે. આ પ્રોજેક્ટ આદ્યા સ્માર્ટ મીટરિંગ પ્રાઇવેટ લિમિટેડ સાથેના કન્સોર્ટિયમ દ્વારા DBFOOT (ડિઝાઇન, બિલ્ડ, ફાઇનાન્સ, ઓન, ઓપરેટ અને ટ્રાન્સફર) મોડેલ પર અમલમાં મૂકાશે. આ અંતર્ગત પંજાબ સ્ટેટ પાવર કોર્પોરેશન લિમિટેડ (PSPCL) માટે એડવાંસ્ડ મીટરિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની ડિઝાઇન, ડિપ્લોયમેન્ટ, ઇન્ટિગ્રેશન અને કમિશનિંગની સાથે લાંબા ગાળાની ઓપરેશન અને મેન્ટેનન્સની જવાબદારી પણ કંપનીની રહેશે. એસઇપીસીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વેંકટરામણી જયગણેશે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ પાવર ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં કંપનીની હાજરી મજબૂત કરશે અને લાંબા ગાળાની આવક સર્જવામાં મદદરૂપ થશે.

### લુણાવાડાના આઝાદ મેદાનમાં 'સ્વદેશી મેળો - શોપિંગ ફેસ્ટિવલ'નો ભવ્ય પ્રારંભ

**લુણાવાડા** | લુણાવાડા નગરપાલિકા દ્વારા વોકલ ફોર લોકલના અભિગમને સાર્થક કરવા અને સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન



આપવા ઐતિહાસિક આઝાદ મેદાન ખાતે આ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલના હસ્તે આ મેળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ શોપિંગ ફેસ્ટિવલનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક કારીગરોને આર્થિક મજબૂતી આપવાનો અને નાગરિકોને એક જ સ્થળેથી ગુણવત્તાયુક્ત સ્વદેશી ચીજવસ્તુઓ પૂરી પાડવાનો છે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ કીર્તિ પટેલ સહિત વિવિધ પદાધિકારીઓ અને અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં આયોજનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.